## ફાર્મર કંપનીની નોંધણીનાં ચાર તબક્કાઓ છે.

(૧) કંપનીનું નામ મેળવવું : સંસ્થાપકો (પ્રમોટર્સ) દ્વારા કંપનીના ત્રણ સંભવિત નામ નક્કી કરવામાં આવે છે જે તેમના પસંદગીનાં ક્રમમાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC) ને મોકલી દેવામાં આવે છે. ઉપલબ્ધિનાં આધારે તેમનું કોઈ એક નામને અનુમોદન આપીને પ્રમોટર્સને જાણ કરે છે.

(૨) DSC અને DIN મેળવવા : તમામ પ્રમોટર્સના DSC (Digital Signature Certificate) અને DIN (Director Identification No.) પ્રાપ્ત કરવામાં આવે છે. DIN કેન્દ્ર સરકારની Ministry of Corporate Affairs-MCA દ્વારા આપવામાં આવે છે. જ્યારે DSC લાયન્સ ધરાવનાર Certifying Authority-CA ઈશ્યુ કરી શકે છે

(૩) દસ્તાવેજો તૈયાર કરવા : કંપનીના પ્રમોટર્સ દ્વારા કંપનીનું Memorandum of Association (મેમોરેન્ડમ ઓફ એસોશીએસન) - MOA (કંપનીના ઉદ્દેશ્યો) Articles of Association (આર્ટીકલ્સ ઓફ એસોશીએસન) - AOA કંપનીનું બંધારણ અને નીતિનિયમો અને લાંબાગાળાની વ્યાપાર યોજના તૈયાર કરવામાં આવે છે.

(૪) નોંધણીની અરજી મોકલવી : પ્રમોટર્સ દ્વારા કંપીનીના મંજુર થએલ નામનો પુરાવો, પ્રમોટર્સના DSC અને DIN, MOA, AOA, ફોર્મ ૧ (તમામવિધી પુર્ણ થવા વિશે), ફોર્મ ૨૯ (ડિરેક્ટર્સની સંમતિ વિશે), ફોર્મ ૧૮ (રજિસ્ટર્ડ ઓફિસ માટે), ફોર્મ કંપની નોંધણીની અરજી મોકલવામાં આવે છે.

તમામ દસ્તાવેજોથી સંતુષ્ટ થયાનાં ૩૦ દિવસમાં ROC કંપીનીની નોંધણી પ્રમાણપત્ર મોકલી આપે છે. કંપની નોંધણી થયાના ૯૦ દિવસમાં સાધારણ સભા બોલાવવી ફરજીયાત છે. સાધારણ સભાની મિનિટ્સ સભા મળ્યાનાં ૬૦ દિવસમાં ROC ને મોકલવાની હોય છે. આ મિનિટ્સ મોકલ્યા બાદ કંપનીની નોંધણીની પ્રક્રિયા સમાપ્ત થએલ ગણાય છે.

## કંપનીના મુખ્ય હોદ્દેદાર

પ્રાથમિક સભાસદ અથવા શેરહોલ્ડર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
મુખ્ય વહીવટી અધિકારી

## વેપાર શરૂ કરતાં પહેલા ફાર્મર પ્રોડયુસર કંપનીએ કરવાની તૈયારીઓ

વિસ્તાર અને લાક્ષ્યાંક જુથની પસંદગી
આધારભુત માહિતી (Baseline Data) એકત્રિકરણ
ખેડુત જુથોની રચના
કલસ્ટર જુથોની રચના


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
ગણપત વિદ્યાનગર-૩૮૪ ૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે,
તા.જી. મહેસાણા (ઉ.ગુ.) ફોન : ૦૨૭૬૨-૨૮૯૧૮૯
E-mail : kvkmehsana@ganpatuniversity.ac.in
Web: www.kvkmehsana.org


# ફાર્મર પોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO)





શ્રી મુકેશ આર. પટેલ | ડૉ. રમેશ એ. પટેલ



પ્રકાશક
ગણપત યુનિવર્સિટી
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા

## ફાર્મર પ્રોડ્યુસર્સ કંપની

ખેડૂતો, દૂધ ઉત્પાદકો, માછીમારો, વણકર, ગ્રામીણ કારીગરો, શિલ્પીઓ વગેરે પ્રાથમિક ઉત્પાદકો દ્વારા સર્જિત કાયદેસર એકમ છે. ખેડૂત અથવા ખેડૂત સંગઠનો દ્વારા સર્જિત ઉત્પાદક સંગઠનને ખેડૂત ઉત્પાદક સંગઠન / ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફ્પીઓ) કહેવાય છે.

## ફાર્મર પ્રોડ્યુસર્સ કંપની વિશે પ્રાથમિક માહિતી

ભારતીય કંપની ધારા ૧૯૫૬ (સુધારેલ અધિનિયમ ૨૦૧૩) અંતર્ગત ફાર્મર પ્રોડ્યુસર કંપનીની રચના કરવામાં આવે છે. સને ૨૦૦૨ મા કંપનીધારાના PART-9A મા કરવામાં આવેલ સંશોધન અનુસાર ઉત્પાદન પ્રવૃત્તિમાં સામેલ ૧૦થી વધુ પ્રાથમિક ઉત્પાદકો અથવા ૨ થી વધુ ઉત્પાદક સમુહ કે પછી પ્રાથમિક ઉત્પાદક સમુહ સંયુક્ત રૂપે પ્રોડ્યુસર કંપનીની રચના કરી શકે છે.

પ્રોડ્યુસર કંપનીમા માલિક અને સભાસદ માત્ર ઉત્પાદક કે ઉત્પાદક સમુહ જ હોઈ શકે છે.

## પ્રોડ્યુસર્સ કંપનીની મુખ્ય લાક્ષણિકતાઓ

- ઓછામાં ઓછા ૧૦ સભાસદ હોવા જોઈએ. પરંતુ વધુમાં વધુ સભ્યોની કોઇ મર્યાદા નથી.
- માત્ર ઈક્વીટી શેર બહાર પાડી શકે છે.
- અધિકૃત શેરમુડીની ન્યુનત્તમ મર્યાદા ૫ લાખ છે અને ભરપાઈ થએલ શેરમુડીની ન્યુનત્તમ મર્યાદા ૧ લાખ છે.
- શેરનું મૂલ્ય ₹૧ થી શરૂ કરી કોઈપણ પુર્ણ સંખ્યામાં રાખી શકાય છે.
- શેરની લે-વેચ બજારમાં થઈ શકતી નથી. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની અનુમતીથી માત્ર ફેરબદલ થઈ શકે છે. આ કારણથી પ્રોડ્યુસર કંપની પર બીજી કંપની કબજો કરી શકતી નથી.
- એક વ્યક્તિ એક મત. સભાસદ ગમે તેટલા શેર ધરાવતા હોય પણ મત એક ગણાય છે.
- સભ્યની આર્થિક જવાબદારી તેને રોકેલ શેરમુડી જેટલી હોય છે.
- ડિરેક્ટર્સની સંખ્યા ૫ થી ૧૫ સુધી હોય છે. જેમા ઓછામાં ઓછી એક મહિલા હોવી ફરજિયાત છે.
- સામાન્ય રીતે પ્રોડ્યુસર કંપનીની આવક કંપનીની જેમ કરપાત્ર ગણાય છે. પરંતુ કેન્દ્ર સરકારે ૨૦૧૮/૧૯ થી ૫ વર્ષ માટે રૂપિયા ૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી પ્રોડ્યુસર કંપનીઓને ટેક્ષમાંથી માફી આપેલ છે.
- પ્રોડ્યુસર કંપનીની રચનામા મદદ કરનારને ઈનીશીએટર કહે છે. કોઈ પણ શુભચિંતક, સંસ્થા જેવી કે **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**, બહુરાજ્ય સહકારી મંડળી, સહકારી મહાસંઘ, સામુદાયિક સંગઠન કે સરકારી વિભાગ પ્રોડ્યુસર કંપનીના ઈનીશીએટર બની શકે છે.
- ઈનીશીએટર પ્રાથમિક ઉત્પાદક હોવા જરૂરી નથી.

## ફાર્મર પ્રોડ્યુસર્સ કંપનીની ભૂમિકા

- અન્ય વ્યાપારી એકમોનો ઉદ્દેશ વધુ ને વધુ નફો મેળવવાનો હોય છે પરંતુ ફાર્મર પ્રોડ્યુસર્સ કંપનીના કેન્દ્રમાં સભાસદ ખેડૂતોની સુરક્ષા હોય છે. આ કંપની સ્થાનિક બજારમાં એક વેપારી તરીકે દાખલ થઈ ખેડૂતો વતી માલસામાનનું ખરીદ વેચાણ કરે છે અને તે બજારનાં જોખમોથી તેમનું રક્ષણ કરે છે.
- વધુમાં કંપની સરકારી વિભાગો, સંશોધન અને તાલીમી સંસ્થાઓ, પ્રાયવેટ કંપનીઓ અને વિષય નિષ્ણાતો સાથે જોડાણો રચીને આધુનિક જ્ઞાન, સેવાઓ અને ટેક્નોલોજી સભાસદોને ઉપલબ્ધ કરાવે છે.
- આ સિવાય ફાર્મર પ્રોડ્યુસર્સ કંપની ખેડુતોને તેમની ઉપજનાં વધુ ભાવ અપાવવા માટે માલનું મુલ્યવર્ધન કરીને વેચવા માટે પ્રોત્સાહિત કરે છે અને એના માટેની સુવિધાઓ ઉભી કરે છે.
- કંપનીનું કામ સભાસદ ખેડુતોના ખેતીલક્ષી જોખમોમાં ઘટાડો કરી તેમને આર્થિક અને માનસિક રીતે સુરક્ષિત કરવાનું છે. જેવા કે....

### (૧) મનોવૈજ્ઞાનિક જોખમો

ખેતીમાં રૂચિ નહી, ખેડુત તરીકે ગૌરવનો અભાવ, સામાજીક મોભામાં ઘટાડો, માનસિક તણાવ, દેવાનો બોજ, વ્યવસાયિક અભિગમનો અભાવ, નવી પેઢીમા ખેતી પ્રત્યે ઉદાસિનતા, ગામડામાંથી પલાયન કરવાનું વલણ વગેરે.

### (૨) પ્રાકૃતિક જોખમો

દુષ્કાળ, અછત, અતિવૃષ્ટિ, પુર, વાવાઝોડાં, ઝાકળ, કિટકોનો ઉપદ્રવ, જંગલી જાનવરોનો ત્રાસ વગેરે.

### (૩) બજારલક્ષી જોખમોના સમાધાનકારી કાર્યો

- ઈનપુટસ, ઘરગથ્થુ વપરાશની ચીજવસ્તુઓ અને ઉત્પાદીત માલનાં ખરીદ વેચાણની પ્રવૃત્તિ હાથ ધરી ખેડુતોનાં ખર્ચમાં ઘટાડો અને આવકમાં વધારો કરવો.
- ખેડુતોને વેચાણ કરતાં અગાઉ માલની સફાઈ, ગ્રેડિંગ, મુલ્યવર્ધન અને પેકિંગ કરવા બાબતે શિક્ષિત કરવા.
- ખેડુતોને તૈયાર ઈનપુટસ અને આધુનિક સાધનોના યોગ્ય રીતે ઉપયોગ કરવા બાબતે માહિતગાર કરવા.
- અન્ય ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓ સાથે માહિતી, જાણકારી, ટેક્નોલોજી અને માલનું આદાનપ્રદાન કરવું.
- તૈયાર ઉત્પાદનની સુરક્ષા માટે ગોદામ કે કોલ્ડસ્ટોરેજની વ્યવસ્થા કરવી. આખરી ગ્રાહકને માલનું વેચાણ કરવા માટે મુલ્યવર્ધન, વેચાણ અને વિતરણ વ્યવસ્થાની શૃંખલા ઉભી કરવી.
- આધુનિક ઓજાર, મોટા વાહનો અને ટેકનિકલ સેવાઓ વ્યાજબી દરોમાં ઉપલબ્ધ કરાવવી.
- સ્થાનિક કારીગરોને તેમના માલના વેચાણ માટે બજાર ઉપલબ્ધ કરાવવું.